દલિત અધિકાર એ જ માનવ અધિકાર

# દલિત અધિકાર (પાક્ષિક)

તંત્રી : પ્રકાશકુમાર રા. મહેરિયા ● R.N.I. No. : GUJGUJ/2005/17601 ● Regd. No. GAMC-1494/2017-19 Valid upto 31-12-2019

વર્ષ : ૧૪ અંક : ૪ સળંગ અંક : ૩૧૬ પ્રકાશન : તા. ૧૬-૦૯-૧૮ પોસ્ટીંગ : તા. ૨૦-૦૯-૧૮ પાનાં : ૮ વાર્ષિક લવાજમ રૂ. ૭૫/- છૂટક રૂ. ૩/- ૧

## પથ્થરયુગ કે લોહયુગની ઝાંખી કરાવતી ભયાવહતા

**વિશ્લેષણ**

**પ્રતાપ ભાનુ મહેતા**

ભારતના પ્રથમ હરોળના માનવ અધિકારના હિમાયતીઓ જેવા કે સુધા ભારદ્વાજ અને અન્યના નિવાસસ્થાનો પર છાપો મારી, તે બધાની ધરપકડ કરવાના મહારાષ્ટ્ર સરકારના આ બિહામણા અને છેક નીચી કોટિના કૃત્યથી માનવ અધિકારની ખેવના કરનાર સહુ કોઈમાં હતાશાનું મોજું ફરી વળ્યું છે. સરકારના આ કૃત્યમાં ડર, વિચારધારાને થોપી દેવાની જિદ અને દમનથી શાસન કરવાની દુષ્વૃત્તિના દર્શન થાય છે. સરકારની નીતિ-રીતિઓ સાથે અસંમત થનાર કર્મશીલોને ભય બતાવી-જુલમ ગુજારી તેઓના અવાજને દાબી દેનાર શાસનને કયા પ્રકારનું શાસન કહેવું એ પણ મૂંઝવણ ઊભી કરે છે. કર્મશીલો સામે ઉપજાવી કાઢવામાં આવેલ મુદ્દાઓ સંબંધે કાયદાકીય અને નાગરિક અધિકારોના પરિપ્રેક્ષ્યમાં ઘણી બધી બાબતો આ અગાઉ લખાઈ ચૂકી છે. પણ આમ છતાંયે વધુ અગત્યનું એ છે કે આ ક્ષણે આપણે રાજકીય અને અપેક્ષા મુજબના આશાવાદની દૃષ્ટિને દેશવટો આપવાની જરૂર નથી. કે માનવ અધિકારના હિમાયતીઓ સામે દર્શાવાયેલા આરોપોથી માનસિક પીછેહઠ કરવાની જરૂર નથી. પોલીસ દ્વારા કરવામાં આવેલ કેસો અલગ કે એકાકી નથી પરંતુ એમાં એક જ એવું તત્વ નિહિત છે કે જે ભલે નવીન લાગે પણ ભયજનક વૈચારિક જટિલતાનું દ્યોતક છે.

ભારત ભલે લોકશાહીને વરેલો દેશ હોય, તો યે એને ભૂતકાળમાં વત્તોઓછો લૂણો લાગેલો છે. પરિણામે લોકશાહીયુક્ત કાયદેસરતાને પકડારતી ભયજનક વાસ્તવિકતાથી આજે પણ ચેતવાનું તો રહ્યું જ! આપણે એકલદોકલ નહીં પણ ઘણા વિદારક અનુભવોમાંથી પસાર થઈ ચૂક્યા છીએ, જ્યાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવતો કાયદો (Unlawful Activities Prevantion Act) અને સત્તા સામે વિરોધ નોંધાવતા કે પડકાર ફેંકતા તત્વોને નામશેષ કરી મૂકે એવા ઘણા કાયદાઓનો વારંવાર દુરુપયોગ થતો જોવા મળ્યો છે. સત્તા સામે વિરોધ નોંધાવનારને અપમાનજનક સ્થિતિમાં મૂકાયાના ઘણા કિસ્સાઓના આપણે સહુ સાક્ષી પણ છીએ. સરકારનું આ કૃત્ય છેવટે તો અસ્તિત્વ ટકાવી રાખવા સામેની નામોશીભરી-લજ્જાયુક્ત ચાલ છે ! કોઈ રાજકીય પક્ષ, સરકારે તાજેતરમાં ભરેલા પગલાંનો વિરોધ કરવા આગળ આવ્યો નથી. આનંદ તેલતુંબડે, તાજેતરમાં આ બાબતે સ્પષ્ટપણે જણાવે છે કે રાજ્ય દલિત અને આદિવાસીઓ જેવા હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમૂહોના હકોના હિમાયતીઓનો અવાજ દાબી દેવા રોજરોજ નવી નવી તરકીબો અજમાવી રહ્યું છે !

સ્થાનિક સંદર્ભોને લઈને માઓવાદીઓ ધમકી થકી દહેશતનું વાતાવરણ ઊભું કરતાં હોય છે. પરંતુ માઓવાદને આપણે એ રીતે જ જોવા ટેવાયેલા છીએ કે માઓવાદીઓ વંચિતોના પ્રામાણિક હકોની માંગણી કરે તોય તેના વાજબીપણાને બહાનારૂપે ઠેરવી, તેઓને લાંછન તરીકે ઓળખવાનો શિરસ્તો થઈ ગયો છે. રાજ્યની એજન્સીઓ તેને ધમકી ગણી નજર અંદાજ કરતી હોય છે. સુખીસંપન્ન સમૂહને પણ એ વાત કહેવામાં એટલી સરળતા પ્રાપ્ત થતી હોય છે કે વંચિતો-દલિતો-આદિવાસીઓ-ટોળાંશાહીને નામે ખાસ સગવડો મેળવી જાય છે. રાજ્ય એ બાબતોમાં ભેદભાવભર્યું વલણ અપનાવી ન શકે જેમાં નૈતિકતાને આધારે હાંસિયામાં રહી ગયેલા જૂથોની વાજબી માંગણીઓને સામો પક્ષ પરાપૂર્વથી ચાલ્યો આવતો ઈજારો ગણાવે. રાજ્ય દલિતો-આદિવાસીઓની વાજબી માંગણીઓને ઉવેખી શકે પણ નહીં. નોંધપાત્ર બાબત તો એ છે કે એવો કોઈ પક્ષ જોવા મળતો નથી કે જે હાંસિયામાં ઊભેલા સમૂહનો વિશ્વાસ જીતી શકે. રાજકારણ અને ભાગલાવાદી પ્રવૃત્તિ સિવાય કાયદાએ બક્ષેલા હકોનું સંવર્ધન કરી પ્રામાણિકતાપૂર્વક લોકસેવાની ભાવના જ મરી પરવારી છે એ સરવાળે તો દેશને માથે ચોંટેલા કાયમી કલંક સમાન લેખી શકાય.

આજકાલ જે ઘટનાઓ ઘટી રહી છે એમાંથી બોધ લેવાની વાત તો દૂર રહી પણ સરકાર એક યા બીજા કારણો આગળ ધરી પવિત્ર ફરજોથી પીછેહઠ કરી રહી છે. આજની પરિસ્થિતિમાં ચેતવા જેવી બાબત તો એ છે કે સરકારે નિશ્ચિત વ્યક્તિઓના ઘરે છાપો મારી, તેમની ધરપકડ કરી ભયાવહ વાતાવરણ ઊભું કરી, સામાન્ય જનસમૂહમાં ડર ફેલાવવાની એક સાજિસ રચ્યાનું ઊપસી આવે છે. દેશમાં કાયમી ધોરણે આંતરિક સંઘર્ષ ઊભો કરવાની સરકારની મંશા ઉઘાડી પડી ગઈ છે. 'રાષ્ટ્રવિરોધી' અને 'શહેરી નકસલ' જેવા કુરૂપ નામો આપી સરકાર એક યા બીજા બહાને બહુ મોટું જોખમ ખેડી રહી છે, એ વાતથી સરકાર અજાણ છે એમ પણ અનુમાન કરી શકાય નહીં. હવે પછી સરકાર આવી નામોશીભરી રીતરસમોથી આપણને આપણા પૂર્વજોના પથ્થરયુગ-લોહયુગમાં લઈ જાય તો કાંઈ નવાઈ લાગશે નહીં. હંમેશને માટે નિત્ય નવા અખતરા કરતી આ સરકારનો આશય તો સઘળી સત્તાઓ પોતાના હસ્તક કરી તેને કાયદેસરતાનું રૂપ આપી, જે કોઈ સત્તાવિરોધી અવાજો ઊભા થાય તો તેને રાષ્ટ્રઘાતક ગણાવી, જેલના સળિયા પાછળ ધકેલી દેવાની, મેલી મુરાદ પાર પાડવાનો

છે. સરકારની આવી આડોડાઈનો સામનો કરવો હોય તો આજની પ્રથમ જરૂરિયાત એ છે કે નિષ્ઠાવાન અને બહાદૂર રાજનેતાએ સરકારની સામે આવી જઈ આંદોલનનું નેતૃત્વ સંભાળી પડકાર ફેંકવો જોઈએ.

ભારતના બધા જ પક્ષો-કોંગ્રેસથી માંડી તૃણમુલ કોંગ્રેસ સુધીના પક્ષોએ માઓવાદનો અર્થ જ ધમકી કર્યો છે, જેને તે બધા પક્ષો અગ્નિ ફૂંકતું જાનવર તરીકે ઓળખે છે. પરંતુ આજે ઊભી થયેલી પરિસ્થિતિને તપાસીએ તો કર્મશીલો સામે કોર્ટમાં કામ ચલાવવું કે તેમની ધરપકડ થઈ છે-એને સાવ નજીવી બાબત ગણી કાઢી નાખવા જેવી નથી. સરકારની આ મોટા પાયા પરની સુગ્રથિત પ્રચારતંત્રની સાજિસ છે, જે દિવસે ના વધે એટલી રાતે વધે એવી છે, જેની ચાબૂકના કોરડા ધમકી સ્વરૂપે વિંઝાયા જ કરશે. સરકારનો ઈરાદો તો સમાજમાં વ્યાપકપણે આપણને 'રાજદ્રોહ'નો હથોડો વાગ્યા જ કરે એવી વિપદા ખડી કરવાનો છે. એક પ્રકારે પવિત્ર (!) સંશય ઉપજાવી દેખાવે સફળ પણ અંદરખાને નિષ્ફળ રાજકીય ઈચ્છાશક્તિનો હાઉ ઊભો કરી, નાગરિકોમાં સંશયને વધુને વધુ મજબૂત કરવાનો પેંતરો સમગ્રતયા વિષના બીજ રોપશે. રાજ્ય સરકારની નાગરિકો પ્રત્યેની જવાબદેહીનો ક્રમશઃ અંત આવતો જશે એ પણ એટલું જ ઘાતક નીવડશે.

આ બધું અકસ્માતે પ્રગટ થયું નથી. પરંતુ દહેશત-ધમકીને ગાઈ-વગાડીને વધારતા રહી સરકારને અનુકૂળ રહે એ રીતની ખલેલ પહોંચાડવાના ત્રણ ઉપાયો સરકારે નિર્ધાર્યા છે. સરકારે ઊભી કરેલી આ તપાસનો કારસો ભીમા કોરેગાંવના આંદોલનથી શરૂ થયો છે. સરકારની આ તપાસ પ્રક્રિયાઓમાંથી એ બાબત ખાસ ધ્યાન ખેંચે એવી છે કે એમાં તીવ્ર નૈતિકતા અને કાયદાથી વિરુદ્ધની બાબતોનું પુનરાવર્તન જોવા મળશે. જે સરવાળે તો સરકારની જ ઊપજ છે. નવાઈ પમાડે એવી બાબત એ છે કે અહીં ભોગ બનનારને દોષિત ઠેરવવામાં આવે છે અને દોષિતોને આદર્શ કારણોને લઈને હીરો બનાવવામાં આવે છે. સરકારે કાવતરું ઘડવાની થિયરીને મહદ્અંશે પાયાવિહોણી કાં તો ચતુરાઈપૂર્વક તૈયાર કરી છે. પરંતુ એ સમજવું અઘરું નથી કે હકીકતથી વેગળી બાબતોને ચકાચૌંધ પ્રકાશના ધોધ સમાન ગણાવી, ગંભીર બનાવી દીધી હોય એવું, પ્રથમ નજરે જ જણાઈ આવે છે. આશ્ચર્ય વધુ ત્યારે ઉપજે છે જ્યારે ટોળાશાહીમાં ભળેલાં લોકો હિન્દુત્વના નામે મોટો ઉહાપોહ સર્જી, આખીયે બાબતને અતિ ગંભીર ગણાવી, બંધારણ પર જાણે ખતરો આવી ગયો હોય એવી હિંસક ધમકીઓનો આશરો લે છે. કર્મશીલોની ધરપકડો એવી ઘડીએ કરવામાં આવે છે જ્યારે હિન્દુત્વનો નારો લગાવનારા સમૂહોની એવી પોલ ખૂબી જાય છે કે સંગઠિત હત્યારાઓએ દેશના બુદ્ધિજીવી રેશનાલિસ્ટોની હત્યામાં પ્રત્યક્ષપણે ભાગ લીધો છે. પ્રજાતંત્ર પાસે આનાથી કઈ વિશેષ સાબિતી હોઈ શકે કે જ્યાં કર્મશીલોને ધમકીની સાથોસાથ સખત નજરબંધી હેઠળ મૂકી દેવામાં આવે છે ?

આજકાલ સામાન્ય થઈ ગયેલી બાબત છે ધ્રુવીકરણ, જે લોકતંત્રમાં વિક્ષેપ ઊભો કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. આપણે હંમેશા એવી ધારણા કરતાં આવ્યા છીએ કે સંભવિત ધ્રુવીકરણ હિન્દુ-મુસ્લિમોના મુદ્દાઓને લઈને ઝડપથી ઊભરી આવશે. આ મુદ્દાઓની જિકર આજની ઘટનાઓમાં નજરે પડે છે. અહીં ધ્રુવીકરણનો બીજો મુદ્દો પણ વિચારવાયોગ્ય છે, જે ધર્મનિરપેક્ષવાદીઓને સફળતાનો રાજીપો બક્ષશે અને પ્રત્યેક ટ્વીટરપ્રેમીઓને રાષ્ટ્રને નામે ગુણવાન થવાનો લ્હાવો આપશે. ભલે સરકાર આર્થિક સદ્ધરતાનું વચન આપતી હોય પણ સાંપ્રતમાં બનેલી આ ઘટના આપણને આર્થિક મુદ્દાઓની રસિકતાથી સેંકડો જોજન દૂર લઈ જશે. આપણે સરકારને આર્થિક સદ્ધરતા બાબતે ચિંતા (છે કે કેમ ?)માંથી મુક્ત કરવી જોઈએ, ભલે નાગરિકોને રાષ્ટ્રીય સલામતીના મુદ્દે માનસિક રીતે નિરાંત મળતી હોય ! ભલે નાગરિકો પ્રત્યેક વકીલમાં કાયમી સ્થિરતાનાં દર્શન ખોજતાં હોય !! ભલે નાગરિકો પ્રત્યેક બુદ્ધિજીવીઓમાં ભરપૂર આતંકવાદીઓનાં દર્શન કરવાની પડાપડી કરતા હોય !! તો વળી પ્રત્યેક બંધારણીય હકો હેઠળ હિંસક ક્રાંતિની સળગતી મશાલ જોતાં હોય!! આ બધા જ આગંતુક ગતકડાંઓને શું નામ આપીશું ?

સંનિષ્ઠ સામાજિક આંદોલનની સ્વાયત્તાને તહસ-નહસ કરી મૂકવાનો સરકારનો પ્રયાસ સરવાળે તો લોકતંત્રને હાનિ કરવા સમાન કહી શકાય. પ્રણાલિકાગત સામાજિક ચળવળો, શ્રમિકો અને ખેડૂતો-સરકારની વિપરીત આર્થિક અનવસ્થા અને રાજકીય વિભાજન પ્રત્યે ઉદ્વેગ પ્રગટ કરતા હોય છે. પરંતુ સાધાર દલિત અને આદિવાસી આંદોલન આજે પણ અસરકારકતા પેદા કરવામાં પીછેહઠ અનુભવી રહ્યાં છે અને રાજ્ય તેઓ પર વૈચારિક હુમલો કરી તટસ્થતાની હરોળમાં મૂકવાની પેરવી કરી રહ્યું છે.

હું સરકારનો ભોગ બનેલા આ બુદ્ધિજીવીઓને વ્યક્તિગત રીતે જાણતો નથી પરંતુ તેલતુંબડે કે જેઓ ભારતમાં જાતિના રાજકારણની વિચારણા અંગે કોઈને પણ માર્ગદર્શન આપી શકે એવી એમની સજ્જતાથી પરિચિત છું. સુધા ભારદ્વાજની કાર્યશૈલીમાં ધાક બેસાડે એવી હિંમત અને બંધારણની નૈતિક દૃષ્ટિ પ્રત્યેની પ્રતિબદ્ધતા-એ બંને મુખ્ય છે. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં તેઓની અધ્યક્ષતા હેઠળ ક્રિષ્ણા ભારદ્વાજની સ્મૃતિમાં ગોઠવાયેલ વ્યાખ્યાન કાર્યક્રમમાં મને વક્તવ્ય રજૂ કરવાની તક સાંપડેલ. (જો કે જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના કાર્યવાહકોએ આ વ્યાખ્યાન યોજાય નહીં તે મતલબના પ્રયત્નો કર્યા હતા.) સંદર્ભ આપી શકાય એવા કેટલાક હકીકતી પ્રસંગોની પશ્ચાદ્ભૂમાં બુદ્ધિજીવીઓને અપમાનિત કરી, તેમની અવહેલના થાય એ પ્રકારની સાજિસો રચાતી હોય છે. માનવહકોની હિમાયત આ સરકારને લગીરે પાલવતી નથી. આ પ્રકારની મનોવૃત્તિ સરવાળે તો જાહેર વિશ્વ વિદ્યાલયોમાં મોટાપાયે ઉછરતી જતી જીવન વિષયક વૈચારિક જટિલતા અને અસહિષ્ણુ રાષ્ટ્રવાદીની સામે 'રાષ્ટ્ર'ને ઉજાગર કરવાની પેરવી-મુખ્ય છે. ભારતની ગુનાઈત ન્યાય વ્યવસ્થાને કેન્દ્રમાં રાખીને આલેખાયેલ અરુણ ફેરેરાની 'કલર્સ ઓફ ધ કેઈજ' હવામાની તસ્વીરની ગરજ સારે એવી છે. ભલે અરુણની વિચારધારા સાથે તમે સંમત થાવ કે ન થાવ પરંતુ આ પુસ્તક તમને વાંચવા મજબૂર કરશે અને આપણા દેશના હૃદય પર ઝીંકવામાં આવતા ઘાવ વિશે તમને વિચારવા પણ ફરજ પાડશે.

સાંપ્રત ઘટનાઓને જાહેર થયેલી કટોકટી તરીકે મૂકી ન શકીએ તો પણ આંકડાકીય દૃષ્ટિએ તપાસીએ તો કટોકટીના સંદર્ભમાં દેશમાં મોટી તિરાડ પડી હોય એવો અનુભવ થાય છે. આ અગાઉ કટોકટી સત્તા હાંસલ કરવાના પરિપ્રેક્ષ્યમાં જોવાતી હતી. પરંતુ આજે જે માહોલ રચાયો છે તે કૈંક વિશેષ છળકપટ-પ્રપંચથી રચાયેલો જોવા મળે છે. માનસિક સંકુલતા એવી દૃષ્યમાન થાય છે કે જાણે પ્રત્યેક વ્યક્તિ દેશદ્રોહી જ હોય ! વખત એવો આવી ગયો છે કે અદાલતોએ અને નાગરિક સમાજોએ સત્તા સામે વિરોધ નોંધાવવા બાંયો ચડાવવી પડશે. માત્ર આપણે જેલમાં પૂરાઈએ એટલું પૂરતું નથી પણ આપણા આત્માને મૂર્ખ બનતો પણ અટકાવવો પડશે!

**અનુવાદ : રમણ વાઘેલા**

**(સૌજન્ય : ઈન્ડિયન એક્સપ્રેસ, તા. ૩૧-૮-૨૦૧૮)**

## માનવ અધિકાર કર્મશીલ ગૌતમ ઠાકરની વિદાય

માનવ અધિકાર કર્મશીલ ગૌતમ ઠાકર બે દિવસ પછી, ૧૧મી સપ્ટેમ્બરે, તો એમનો તોંતેરમો જન્મદિવસ મનાવતા હોત ને ૮મી સપ્ટેમ્બરે તો એમની એક સંપાદિત કિતાબ ‘‘અજવાળાને અવકાશ-અસંગઠિત કામદારોની દુનિયામાં ડોકિયું’’નું અમદાવાદમાં લોકાર્પણ થવાનું હતું એ જ સવારે એમની વિદાયના ખબર આવ્યા.

હજુ ચારેક મહિના થયા હશે એ વાતને જ્યારે અમે કેટલાક મિત્રો અમદાવાદની આંબેડકર કોલોની(ભુદરપુરા —આંબાવાડી) ના દલિતો પરના પોલીસ અત્યાચારની તપાસ અર્થે પીયુસીએલ તરફથી જઈ રહ્યા હતા ત્યારે ગૌતમભાઈ નાદુરસ્ત તબિયતે પણ સાથે આવ્યા હતા. અમે ‘અવાજ’ની ઓફિસે બેસી, બનાવની પ્રાથમિક ચર્ચા કરીને જ તેમને વિદાય કરેલા અને અમારો ફેક્ટ ફાઈન્ડીંગ રિપોર્ટ બહુ ઝડપથી તૈયાર કરીશુંનું આશ્વાસન આપી તેમને તબિયત સંભાળવા જણાવેલું. ગૌતમભાઈ સાથેનું આ મારું છેલ્લું પ્રત્યક્ષમિલન .એ પછી તેમની તબિયતના સમાચારો મળતા રહેતા હતા. હજુ વિદાયની આગલી રાતે જ તેમનો ‘ગુજરાત ટુડે’ માટેનો લેખ ઈ-મેઈલથી મળ્યો હતો. એ રીતે ગંભીર બીમારી છતાં તે છેક સુધી સક્રિય રહ્યા.

**અલવિદા**

૧૧ મી સપ્ટેમ્બર ૧૯૪૬ના રોજ અમદાવાદમાં જન્મેલા ગૌતમ ઠાકર, કોલેજકાળથી જ જયપ્રકાશ નારાયણ સ્થાપિત ‘છાત્ર યુવા સંઘર્ષવાહિની’ મારફતે જાહેરજીવનમાં પ્રવેશ્યા હતા. કોમર્સ ગ્રેજ્યુએટ અને વ્યવસાયે બેન્કકર્મી ગૌતમ ઠાકર બેન્કિંગ ટ્રેડ યુનિયનના પણ આગેવાન હતા. ૧૯૭૫માં ઈંદિરાઈ કટોકટીના વિરોધી રહેલા આ જણને પાછલા બે અઢી દાયકાથી ગુજરાતના અને પછી દેશના ભાજપા શાસન સામે સંઘર્ષમાં ગાળવાના થયા હતા.

૧૯૬૩થી તેઓ લેખન ક્ષેત્રે પણ સક્રિય હતા. રમત ગમત લેખનથી લેખનનો આરંભ કરનાર ગૌતમ ઠાકરે પછી જાહેર મહત્વના અનેક મુદ્દાઓ પર લખ્યું છે. કામદારો, દલિતો, પીડિતો અને નબળા વર્ગોના અધિકારો અને માનવ અધિકારો માટે તેમણે આજીવન કામ કર્યું છે. કોમી એકતા, કોમી એખલાસ અને બિનસાંપ્રદાયિકતા માટે પણ તે સતત કાર્યરત રહ્યા હતા. નાગરિક સ્વાતંત્ર્ય સંગઠન (પીયુસીએલ), ઈન્ડિયન રેડિકલ હ્યુમેનિસ્ટ એસોસિએશન અને બીજી અનેક સંસ્થાઓના તેઓ પ્રાણરૂપ હતા. દુર્લભ એવા યોજક અને કર્મશીલો વચ્ચેના સેતુનું કામ, તેઓ તેમની કેટલીક મર્યાદાઓ વચ્ચે પણ, કુશળતાથી કરતા રહ્યા હતા. માનવ અધિકાર માટેની લડાઈઓ ગુજરાતમાં બહુ મુશ્કેલ બની રહી છે ત્યારે ગૌતમ ઠાકરની વિદાય જરૂર વસમી લાગે તેવી છે. ‘દલિત અધિકાર’ સાથે આરંભથી જોડાયેલા રહેલા આ વડીલ સાથીને અલવિદા.

## જસ્ટિસ વિનુભાઈ ભૈરવિયાની ચિરવિદાય

ગુજરાત અને મુંબઈની વડી અદાલતોના નિવૃત ન્યાયાધીશ, કાયદાની ત્રણ કોલેજોના સ્થાપક અને દલિત આગેવાન જસ્ટિસ વિનુભાઈ ભૈરવિયાનું ત્રીજી સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ બ્યાંસી વરસની વયે ગાંધીનગરમાં અવસાન થયું છે.

૧૯૬૮માં એડવોકેટ તરીકે કારકીર્દિની શરૂઆત કરનાર વિનુભાઈ ભૈરવિયાએ એડવોકેટ અને ગવર્નમેન્ટ પ્લીડર તરીકે બે દાયકા સુધી સેવાઓ આપી હતી. ૧૯૮૯માં તેમની ગુજરાત હાઈકોર્ટના જજ તરીકે નિયુક્તિ થઈ હતી. તે પછી તેઓ મુંબઈ હાઈકોર્ટના જજ બન્યા હતા.૧૯૯૮માં તેઓ હાઈકોર્ટ જજના પદેથી નિવૃત થયા હતા.

બાબાસાહેબના શિક્ષણ મંત્રને સાકાર કરવા તેમણે ‘ડો.બી.આર.આંબેડકર એજ્યુકેશન ટ્રસ્ટ’ મારફત ગાંધીનગર, સુરત અને અમરેલીમાં લો કોલેજોની સ્થાપના કરી હતી અને ખૂબ જ સફળતાથી આ કોલેજો ચાલી રહી છે.

ન્યાયાધીશ તરીકે તેમણે ગરીબો તરફી મહત્વના ચુકાદા આપ્યા હતા. જેમાં મુંબઈના સ્ટ્રીટ વેન્ડર્સનો ચુકાદો મહત્વનો છે. નિવૃતિ પછી ૨૦૦૧માં મહારાષ્ટ્ર રાજયની ટાડા કેસિસ રિવ્યુ કમિટીના ચેરમેન પદે નિમાયેલા ભૈરવિયાસાહેબના ધ્યાનમાં આવ્યું કે ટાડાના ૪૦૦૦ કેસોમાંથી ૨૨૦૦ કેસો એવા હતા કે જેમાં ગરીબ આદિવાસી યુવાનો ટાડાના ગુનેગારો ના હોવા છતાં તેમને ટાડાના ગુનામાં જેલમાં રખાયા હતા. તેમણે આ ટાડાના ગુનેગારોને મુક્ત કરવા અભિયાય આપ્યો હતો.

‘‘સ્વાતંત્ર્યની મંઝિલ’’, વિનુભાઈ ભૈરવિયાની અંગ્રેજીમાં લખાયેલી આત્મકથાનો ગુજરાતી અનુવાદ છે. તેમાં વર્ણવેલ એક પ્રસંગ- ‘‘૧૯૯૩માં રાજસ્થાન હાઈકોર્ટના કાનૂની સહાય(એસસી/એસટી) સેમિનારમાં હું અતિથિવિશેષ હતો. સેમિનારનું પ્રમુખસ્થાન સુપ્રીમ કોર્ટના માનનીય જસ્ટિસ કે. રામાસ્વામીએ શોભાવ્યું હતું. કાર્યક્રમનું સ્થળ હતું હાઈકોર્ટ કેમ્પસ, જયપુર. મંચની સામે જ ભગવાન મનુનું પૂતળું હતું. કોઈ પણ વક્તાએ તે પૂતળાની સામે જ ઉભા રહીને સેમિનારને સંબોધન કરવાનું હતું. કાર્યક્રમ શરૂ થયો તે પહેલાં જ એ પ્રતિમાને હાર પહેરાવવામાં આવ્યો હતો. જયારે મારો વક્તવ્ય આપવાનો વારો આવ્યો એટલે મેં આયોજકોને મનુના પૂતળાનો ચહેરો ઢાંકી દેવા કહ્યું અને નહીં તો મારાથી આ સેમિનારને સંબોધન નહીં થઈ શકે તેમ જણાવ્યું. આમ કરવાનું કારણ એ હતું કે સેમિનારનો વિષય હતો, એસ.સી., એસ.ટી. અને સ્ત્રીઓને કાનૂની મદદ. અને મનુ આવા અધિકારની વિરુદ્ધ હતા.એટલું જ નહીં મનુ અસ્પૃશ્યો અને સ્ત્રીઓના માનવ ગૌરવને નકારનાર હતા. આયોજકોને મારો મુદ્દો સમજાઈ ગયો. તેમણે પૂતળાને સફેદ સ્વચ્છ કપડાં વડે ઢાંકી દીધું. જોકે તેના પર એક હાર તો મૂકવામાં આવ્યો જ હતો ! મેં મારા વક્તવ્યમાં, ભારત અને તે પણ એક લોકશાહી દેશમાં, જે મનુષ્યના ગૌરવના દુશ્મન અને સામાજિક ભેદભાવ અને અસમાનતાના સર્જક છે તેવા મનુને અને ખાસ કરીને ન્યાયના મંદિરમાં તો સ્થાન ન જ હોવું જોઈએ, એ વાત પર ભાર મૂક્યો. શ્રોતાઓ અને મંચ પરના મહાનુભાવો આ સાંભળી ડઘાઈ ગયા. પરંતુ કાર્યક્રમનું શાંતિપૂર્વક સમાપન થયું. (પૃષ્ઠ-૧૮૭-૧૮૮)

વિનુભાઈ ભૈરવિયાને અલવિદા !

### બંધારણીય મૂલ્યો પર સંવાદ બેઠક

**તારીખ :** ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૮, શનિવાર

**સમય :** સવારના ૯ થી સાંજના ૫

**સ્થળ :** બી.સી.એ. હોલ, જી.ડી.મોદી વિદ્યા સંકુલ, પાલનપુર

**નોંધણી ફી રૂ. ૧૦૦/-**

**સંપર્ક :** ગિરીશ સુંઢિયા ૯૪૨૬૬૬૩૮૨૧

**આયોજક :** સોસાયટી ફોર ફાસ્ટ જસ્ટિસ, બી.કે.મર્કન્ટાઈલ બેન્ક લો કોલેજ, બનાસકાંઠા જિલ્લા અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ, પાલનપુર

# સરકારો કર્મશીલોને જુલમી કાયદા વાપરીને પકડે, અદાલતો બંધારણને ટાંકીને તેમને છોડે

**સામ્પ્રત**

સંજય શ્રીપાદ ભાવે

સરકારે અઠ્યાવીસ ઑગસ્ટે દેશના જુદાં જુદાં શહેરોમાંથી પાંચ કર્મશીલોની ધરપકડો કરી. તેમાં હૈદરાબાદમાંથી કવિ વારા વારા રાવ, મુંબઈમાંથી ટ્રેડ યુનિયનિસ્ટ તેમ જ પૂર્વ અધ્યાપક વર્નન ગોન્સાલ્વિસ તેમ જ વકીલ અરુણ ફરેરિયા, ફરીદાબાદમાંથી મજૂર સંગઠનનોનાં ધારાશાસ્ત્રી સુધા ભારદ્વાજ અને દિલ્હીમાંથી નાગરિક અધિકારો માટેના કાર્યકર્તા ગૌતમ નવલખાનો સમાવેશ થાય છે. પોલીસ માની રહી છે કે આ તમામ માઓવાદીઓએ પૂનામાં પહેલી જાન્યુઆરીએ દલિત સંગઠન અને જાગૃતિ માટે યોજાયેલી એલ્ગાર પરિષદમાં આપેલાં ઉશ્કેરણીજનક ભાષણોને પગલે તોફાનો થયાં હતાં. દલિતશક્તિના એક પ્રતીક સમી ભીમા-કોરેગાંવની લડાઈના બસોમાં સ્મૃતિદિન નિમિત્તે પૂનામાં યોજાયેલી એલ્ગાર પરિષદને પગલે હિંસા ફાટી નીકળી હતી. તેમાં આ કર્મશીલોનો હાથ હોવાનું કારણ આપીને તેમની ધરપકડ કરવામાં આવી છે. તેમની પર કૉમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડિયા-માઓવાદી(સીપીઆઇ-માઓઇસ્ટ)નામનાં પ્રતિબંધિત માઓવાદી જૂથો સાથે જોડાણ હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. પોલીસે આંબેડકર વિચારના અભ્યાસી અધ્યાપક આનંદ તેલતુંબડેના ગોવાના, ફાધર સ્ટેન સામીના પૂનાના અને વારાવારા રાવના દીકરી કે.પવનાનાં હૈદરાબાદનાં ઘરો પર પણ દરોડા પાડ્યા.

પોલીસે આ ધરપકડો અને દરોડા યુએપીએ એટલે કે અનલૉફુલ ઍક્ટિવિટિઝ પ્રિવેન્શન ઍક્ટ હેઠળ કર્યાં. આ કાયદો 'દેશની એકતા અને સાર્વભૌમિકતાનું રક્ષણ' કરવાના હેતુથી ૧૯૬૭માં ઘડવામાં આવેલો. તે પોલીસને 'આતંકવાદી કામ કે ગેરકાનૂની પ્રવૃત્તિને ટેકો આપવાના' શક પરથી કોઈ વ્યક્તિ પર છાપો મારવાની અને વૉરન્ટ વિના તેની ધરપકડ કરવાની સત્તા આપે છે. તે પછી ચાર્જશીટ રજૂ કરવા માટે ૯૦ નહીં પણ ૧૮૦ દિવસ મળે છે, અને આરોપી જામીન માટે અરજી કરી શકતા નથી. આ કાયદાનો સહુથી વાંધાજનક હિસ્સો એ છે કે તે સરકાર જેને 'ગેરકાયદેસર મંડળો, આતંકવાદી ટોળકીઓ અને સંગઠનો' ગણે છે તેનાં સભ્યોની ધરપકડ કરવાની સત્તા આપે છે. આ કાનૂન હેઠળ મહારાષ્ટ્ર પોલીસે કરેલી તાજેતરની ધરપકડોનો દેશભરમાં વ્યાપક વિરોધ થયો. રોમિલા થાપર સહિત પાંચ ખૂબ સન્માનિત ઍકેડેમિક્સે આરોપીઓ વતી કરેલી જામીન અરજીની સુનાવણીમાં સર્વોચ્ચ અદાલતે ત્રીસમી ઑગસ્ટે પાંચેય આરોપીઓને જેલમાં નહીં પણ તેમનાં ઘરમાં હાઉસ ઍરેસ્ટમાં રાખવાનો આદેશ આપ્યો.તદુપરાંત અદાલતે કેન્દ્રની અને મહારાષ્ટ્રની સરકારોને ધરપકડો અંગે સ્પષ્ટતા આપવાની નોટિસ ફટકારી. સહુથી મહત્વનું એ કે અદાલતે એમ કહ્યું કે 'વિરોધ એ લોકશાહી માટેનો સેફટી વાલ્વ છે. જો વિરોધને જગ્યા નહીં આપવામાં આવે તો પ્રેશર કૂકર ફાટી જશે.' તેના પછીના દિવસે પોલીસે એક પત્રકાર પરિષદ યોજીને ધરપકડોના આરોપ માટેના પુરાવા તરીકે કેટલાક પત્રોની વિગતો બહાર પાડી. પોલીસે કહ્યું કે આરોપીઓના ઘરોમાંથી મળેલી હાર્ડ ડિસ્ક્સમાં એવા હજારો પત્રો છે કે જેમાં પ્રતિબંધિત માઓવાદી સંગઠન માટે આઠ કરોડના ગ્રેનેડ લૉન્ચર્સ તેમ જ ઍમ્યુનિશન ખરીદવાના અને રાજીવ-ગાંધીની હત્યા પ્રકારની હત્યાના કાવતરાં અંગેની માહિતી છે. જોકે આરોપીઓએ પ્રતિવાદ કર્યો છે કે પોલીસની પત્રકારોને સબજ્યુડિસ કેસની સંવેદનશીલ વિગતો આપીને મીડિયા ટ્રાયલ ચલાવી રહી છે. આ પહેલાં પાંચમી જૂને પણ મહારાષ્ટ્ર પોલીસે પાંચ કર્મશીલોની આ રીતે જ ધરપકડ કરી હતી. પોલીસે કર્મશીલોએ 'દેશની એકતા અને સાર્વભૌમિકતા'ની સામે રચેલાં કાવતરાની શોધ કરી છે. તો બીજી બાજુ આ બધાંએ વર્ષોથી કરેલાં સામાજિક કાર્ય વિશેની ભરપૂર વિગતો મળે છે. તેઓ સરકાર અને કૉર્પોરેટનાં ગઠબંધનથી આદિવાસીઓનાં જળ-જંગલ-જમીન, કે કોમવાદી સરકારમાં દલિતોના નાગરિક અધિકારો ન છીનવાઈ જાય તે માટે લોકસંગઠન અને કાનૂની રાહે બહુ જ કપરો સંઘર્ષ ચલાવી રહ્યાં છે. તેમાંથી મોટા ભાગનાં એવાં છે જે ઉજળી શૈક્ષણિક કારકિર્દી અને વ્યવસાય કૌશલને કારણે એશ-આરામની જિંદગી જીવી શકે તેમ હતાં. એમ છતાં તેમણે ઊંડી સામાજિક નિસબત સાથે જાહેર જીવનમાં ઝંપલાવ્યું છે.

સર્વોચ્ચ અદાલતે ૬ સપ્ટેમ્બરે કરેલી સુનાવણીમાં, મહારાષ્ટ્ર પોલીસે જેમની ધરપકડ કરી હતી એવાં, પાંચ કર્મશીલોની હાઉસ ઍરેસ્ટની મુદત બુધવાર સુધી લંબાવી અને આ ધરપકડો બાબતે ૩૧ ઑગસ્ટે યોજેલી પ્રેસ કૉન્ફરન્સ અંગે પોલીસની ઝાટકણી પણ કાઢી.અદાલતે હાઉસ ઍરેસ્ટના પહેલી વખત આપેલા આદેશના બીજા જ દિવસે પોલીસે કૉન્ફરન્સ યોજીને ધરપકડોને ટેકો આપતા કથિત પુરાવા માધ્યમોમાં મૂક્યા હતા. આ કોન્ફરન્સ લાઈવ ટેલિકાસ્ટ કરવામાં આવી હતી. એટલે તે જોઈ ચૂકેલા અને તેમાંથી પોલીસ અધિકારીએ અદાલત અંગે કરેલી ટિપ્પણીનો ઉલ્લેખ કરીને ન્યાયમૂર્તિએ કહ્યું: 'આ મૅટર અમારી સામે હોય ત્યારે અમારે પોલીસ પાસેથી સુપ્રીમ કોર્ટ ખોટી છે આવું સાંભળવાનું ન હોય.' આ પૂર્વે ૬ સપ્ટેમ્બરે મુંબઈની વડી અદાલતે પણ પોલીસને આ રીતે પત્રકાર પરિષદ યોજીને કેસને લગતી માહિતી બહાર પાડવા માટે ઠપકો આપ્યો હતો. દેશભરનાં કર્મશીલોએ સોશ્યલ મીડિયા સહિતના માધ્યમોમાં અને દેખાવો દ્વારા કર્મશીલોની ધરપકડો સામે વિરોધ નોંધાવ્યો હતો. અમદાવાદમાં પણ 'જન સંઘર્ષ મંચ', 'સેક્યુલર લોકશાહી આંદોલન' અને અનેક સંગઠનોએ પાંચમી સપ્ટેમ્બરે લાલદરવાજા વિસ્તારના સરદાર બાગ ખાતે દેખાવો યોજ્યા હતા.

માનવ અધિકાર માટે લડતાં કર્મશીલોની ભારત સરકાર દ્વારા ધરપકડ અને અદાલતો દ્વારા તેમની મુક્તિના કેટલાક કિસ્સા જાણીતા થયા છે. તેમાં લોકશાહી પર કલંકરૂપ કિસ્સો છત્તીસગઢના ડૉક્ટર વિનાયક સેનનો છે. નક્સલવાદગ્રસ્ત અંતરિયાળ વિસ્તારમાં વર્ષોથી તબીબી સેવા કરનારા સેન નાગરિક સ્વાતંત્ર્ય સંગઠનનાં કાર્યકર્તા પણ છે. તેમણે નક્સલવાદને ખાળવા માટે ભાજપની રાજ્ય સરકારે સ્થાનિક લોકોને શસ્ત્રો આપીને બનાવેલાં સાલવા જુડુમ નામનાં લડાયક દળોની સામે મોરચો માંડ્યો.તેમની સહાયથી સંગઠને કરેલી તપાસમાં સાલવા જુડુમે આચરેલા ભયંકર હિંસાચારના સંખ્યાબંધ બનાવો બહાર આવ્યા. દેશભરના કાર્યકરો અને બૌદ્ધિકોએ કરેલી અરજીના ચૂકાદામાં સર્વોચ્ચ અદાલતે સાલવા જુડુમને ગેરકાનૂની ગણીને

વિખેરી નાખવાનો આદેશ રાજ્ય સરકારને આપ્યો. એ જ અરસામાં સરકારે સાઠ વર્ષના સેનની પ્રતિબંધિત માઓવાદી જૂથ સાથેનાં જોડાણ તેમ જ રાજદ્રોહના આરોપ હેઠળ ધરપકડ કરી અને છત્તીસગઢની વડી અદાલતે તેમને જનમટીપની સજા ફટકારી. ડૉક્ટર સેન એક માઓવાદી કેદીને રાયપુર જેલમાં મળવા જતા હતા એ હકીકત સરકાર માટે નિમિત્ત બની. અર્થાત સેનની આ મુલાકાતો માત્ર પોલીસની મંજૂરી જ નહી પણ તેના જાપ્તા હેઠળ થતી હતી. સર્વોચ્ચ અદાલતે ૧૫ એપ્રિલ ૨૦૧૧ના રોજ ડૉક્ટર સેનને જામીન આપતાં કહ્યું : 'આપણે લોકશાહી દેશમાં છીએ. ડૉક્ટર સેન નક્સલવાદીઓ સાથે સહાનુભૂતિ ધરાવતા હોઈ શકે.પણ એનાથી એ રાજદ્રોહના ગુનેગાર બનતા નથી. શું કોઈને ત્યાંથી મહાત્મા ગાંધીની આત્મકથા મળે તો એ ગાંધીવાદી ઓછા બની જાય છે ?'

યુએપીએ હેઠળ ધરપકડ થયેલા પુનાના 'કબીર કલા મંચ'ના કલાકારોને પણ મહારાષ્ટ્રની વડી અદાલતે ૬ ફેબ્રુઆરી ૨૦૧૩ ના રોજ જામીન આપ્યા હતા. આ મંચ સામાજિક અસામનતા, સરકારની લોકવિરોધી નીતિઓ અને યોજનાઓ, અન્યાય, શોષણનો વિરોધ કરતાં મરાઠી ગીતોના ખૂબ જાહેર કાર્યક્રમ કરતો રહ્યો છે. હચમચાવી દે તેવા શબ્દો અને રજૂઆતના આ કાર્યક્રમો ક્રાન્તિનો સંદેશ આપે છે. જામીન આપતાં ન્યાયમૂર્તિ અભય ઠિપસેએ કહ્યું : 'માત્ર ક્રાન્તિ જ સામાજિક માળખામાં બદલાવ લાવી શકે છે એ મતલબનાં મંતવ્યની અભિવ્યક્તિ અપરાધ બનતો નથી.' ન્યાયમૂર્તિએ એ વાત માટે પણ 'આશ્ચર્ય' વ્યક્ત કર્યું કે 'ભ્રષ્ટાચાર નાબૂદી, સામાજિક અસમાનતા, શ્રીમંતો અને ગરીબો વચ્ચે વધતી જતી ખાઈ, ગરીબોનું શોષણ જેવા વિષયોની વાત કરવા માટે' મંચના સભ્યોની ધરપકડ કરવામાં આવી છે. 'આવા વિષયો અંગે રજૂઆત કરવામાં કશું ખોટું નથી', એમ પણ તેમણે જણાવ્યું. ન્યાયાધીશે ચુકાદામાં આ મતલબનું નોંધ્યું છે : ' કબીર કલા મંચ જે પ્રકારના મંતવ્યો વ્યક્ત કરે છે તેવા વિચારો અનેક રાષ્ટ્રીય અને અગ્રણી નેતાઓ વ્યક્ત કરે છે. આવા મંતવ્યોની અભિવ્યક્તિને કારણે કોઈ વ્યક્તિ પર કમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયા- માઓઈસ્ટના સભ્ય હોવાનો થપ્પો મારી શકાય નહીં. ઉલટું, આવું રિઝનિંગ એ બતાવે છે કે સાચા અને યોગ્ય મુદ્દાની વાત સીપીઆઈ-એમ સિવાય કોઈ કરતું નથી. એનો અર્થ એ થયો કે બીજાં પક્ષો અને સામાજિક સંગઠનોને સમાજની આ સમસ્યાઓની કોઈ પરવા નથી. કાર્લ માર્ક્સની શીખામણોમાં શ્રદ્ધા હોવી કે માઓવાદી તત્વજ્ઞાનમાં કેટલોક વિશ્વાસ હોવો એ ગુનાઈત બાબત નથી. પ્રતિબંધિત રાજકીય પક્ષનું સાહિત્ય રાખવું એ પણ અપરાધ નથી.' વધુમાં ઈન્ડિયન પિનલ કોડ અને મંચ પર લગાડવામાં આવેલા યુએપીએની જુદી જુદી કલમોનો ફોડ પાડીને તેમણે કહ્યું : 'પ્રતિબંધિત સંગઠનનું માત્ર સભ્યપદ કોઈ વ્યક્તિને ગુનેગાર બનાવતું નથી, સિવાય કે એ હિંસા આચરે કે લોકોને હિંસા આચરવા માટે ઉશ્કેરે.'

આ જ શબ્દો સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિઓ માર્કન્ડેય કાટ્જુ અને જ્ઞાન સુધાએ ૪ ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ નોંધ્યા હતા. એ ચુકાદો તેમણે, કૉન્ગ્રેસ સરકારના કાળમાં, ગૌહાતીની 'ટાડા'(હવે નાબૂદ થયેલ ટેરરિસ્ટ ઍન્ડ ડિસરપ્ટિવ ઍક્ટિવિટિઝ ઍક્ટ) કોર્ટે પ્રતિબંધિત 'ઉલ્ફા' નામના વિઘટનવાદી સંગઠનના સભ્યપદ માટે ગુનેગાર ઠરાવાયેલા કર્મશીલ અરુપ ભૂયાનની તરફેણમાં આપ્યો હતો. કૉંગ્રેસના કાર્યકાળમાં, કેરળની વડી અદાલતે માઓવાદી હોવાના આરોપ હેઠળ ગિરફતાર કરેલા વાયનાડના વિદ્યાર્થીને ૨૨ મે ૨૦૧૫ ના રોજ નિર્દોષ જાહેર કરતાં ચુકાદામાં નોંધ્યું હતું :'માઓવાદીની રાજકીય વિચારધારા આપણી બંધારણીય રાજ્યવ્યવસ્થા સાથે બંધબેસતી આવતી નથી, છતાંય માઓવાદી હોવું એ ગુનો નથી.' અદાલતે એમ પણ કહ્યું કે 'આકાંક્ષા હોવી એ લોકોનો પાયાનો માનવ અધિકાર છે.' એણે રાજ્યની ટીકા કરતાં કહ્યું કે આ ધરપકડમાં 'કાયદાનું ગણવેશધારી પતન જોવા મળે છે કે જેમાં રક્ષક ભક્ષક બન્યા છે' અત્યારે પણ આ જ બની રહ્યું છે.

# ભયમાં જીવી રહેલી માંડવીની કૉલેજની દલિત વિદ્યાર્થિનીઓ

આ લખાય છે ત્યારે કચ્છના માંડવી તાલુકા મોટા લાયજા ગામની સાત દલિત વિદ્યાર્થિનીઓ અને દલિતો ફફડાટમાં જીવી રહ્યાં છે. માંડવીની કૉલેજમાં ભણતી આ વિદ્યાર્થિનીઓએ કરેલી છેડતીની ફરિયાદને પગલે પોલીસે જે છ નીચ યુવાનોની ૨૧ અને ૨૩ ઑગસ્ટે ધરપકડ કરી હતી તેમને ૨૮ ઑગસ્ટે જામીન મળી ગયા છે. માંડવીથી સત્તર કિલોમીટર પર આવેલાં આ ગામની વિદ્યાર્થિનીઓ જ્યારે બસમાં કૉલેજ જતી ત્યારે બાજુનાં પંચોટિયા ગામનાં કેટલાક યુવકો તેમની મશ્કરી કરતા અને તેમની સામે અત્યંત અશ્લીલ શારીરિક ચાળા કરતા. તદ્દુપરાંત તેમના માટે જાતિવાદી અપશબ્દો પણ વાપરતા. આ હરકતો લાંબા સમયથી ચાલતી હતી. એ અટકાવવાની કોશિસ કરનાર એક વ્યક્તિને પેલા માથાભારે યુવાનોએ લાકડી, સળિયા અને તલવારથી માર માર્યો પણ હતો. તેના પિતાએ ફરિયાદ નોંધાવી હતી. વિદ્યાર્થિનીઓ એ ડરથી ફરિયાદ કરવાનું ટાળતી હતી કે વાલીઓ તેમનું ભણવાનું છોડાવી દેશે. એક વિદ્યાર્થિનીની પહેલ પછી, પોલીસે બધી વિદ્યાર્થિનીઓના બયાનો તેમની માતાઓની હાજરીમાં નોંધીને છ નાલાયક યુવકોની ધરપકડ કરી હતી. ગઢવી અટક ધરાવતા આ બેરોજગાર યુવાનોનાં નામ નારણ, સંભુ, હરેશ, મોહન અને ગોવિંદ છે. થોડા દિવસ પહેલાં ગઢવી સમુદાયના લોકો હથિયારો સાથે ગામમાં ભેગા થયા હતા, પણ પોલીસ સમયસર આવી પહોંચવાને કારણે દલિતો સલામત રહી શક્યા હતા. આ પહેલાં પણ અસલામતી અનુભવતી બહેનો માટે પોલીસે કૉલેજની પાસે અને અને રસ્તા પર જાપતો વધાર્યો હતો. કૉલેજ જતી એસ.ટી. બસમાં એક પોલીસવાળાને પણ રાખવામાં આવતો, જે જન્માષ્ટમી પછી દેખાતો બંધ થઈ ગયો હતો.એ નોંધવું ઘટે કે ઉજળિયાત માથાભારે કોમો દ્વારા જુલમ સામે સંઘર્ષ કરનાર આ કૉલેજ યુવતીઓ મોટા લાયજા ગામમાં શિક્ષણ મેળવનાર દલિત મહિલાઓની પહેલી જ પેઢી છે.

**(૨૩ ઑગસ્ટ અને ૭ સપ્ટેમ્બરના 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા' માં નિમેષ ખખરિયાએ આપેલા સમાચારને આધારે)**


**દલિત અધિકાર**

**પ્રકાશ મહેરિયા**

**તંત્રી, દલિત અધિકાર, ઍડવોકેટ અને નોટરી**

**૯, એ-વિંગ, સેકન્ડ ફ્લોર, પુષ્પ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક અને અર્કેડ, પટેલ મિલ પાસે, જુની રાજપુર મિલ કમ્પાઉન્ડ, રખિયાલ, અમદાવાદ-૩૮૦ ૦૨૧, મો. ૯૯૨૫૭ ૧૯૫૬૫**

**વાર્ષિક લવાજમ રૂ. ૭૫/-, દ્વિવાર્ષિક લવાજમ રૂ. ૧૫૦/-**

# ઘટનાના કારણો વિષેનું આપણું અજ્ઞાન એ કોઈ ઈશ્વરના અસ્તિત્વની સાબિતી નથી

## પ્રતિભાવ

**એન.વી. ચાવડા**

તા.૧-૮-૨૦૧૮ના 'દલિત અધિકાર'માં ચોથા પાના પર ''સાર્થક રેશનાલિઝમ'' શિર્ષકસ્થ લેખમાં લેખકે સાંપ્રત સમયમાં પ્રવર્તમાન સુખ્યાત રેશનાલિઝમની આધુનિક વૈજ્ઞાનિક, અને માનવવાદી વિચારધારાને બદનામ કરીને ઉતારી પાડવા માટે વેદાંતનું જે દ્રષ્ટાંત આપ્યું છે તે નિરાધાર, કાલ્પનિક, અસ્વાભાવિક અને અસંભવિત છે. કારણ કે (વેદાંતના આ દ્રષ્ટાંતમાં કહેલી) એવી બેવકૂફ ઘટના ઘટવી અસંભવ છે. અહીં વર્ણવેલી ઘટના કોઈ પાગલ કે મૂર્ખના વિષયમાં બનવી પણ સંભવ નથી.જ્યારે આ તો ચારેય, મહાન ગુરુકુળમાં અતિ મહાન ગુરુઓની નિશ્રામાં, વિદ્યાભ્યાસ પૂર્ણ કરી ચૂકેલા વિદ્યાર્થી યુવાનો હતા. તેઓ આવી બેવકૂફીઓ આચરે જ કેમ ? અને જો એમણે એવી બેવકૂફીઓ આચરી જ હતી તો અનેક વર્ષો સુધી ગુરુકુળમાં તેઓ શું શિખ્યા ?આપણાં પ્રાચીન ગુરુકુળો આવા બેવકૂફ વિદ્યાર્થીઓ તૈયાર કરતાં હતા ? કહેવાતા મહાન જ્ઞાનથી ભરેલાં વેદાંતના સાહિત્યમાં આવા મનઘડંત ,કપોળકલ્પિત,બેબુનિયાદ અને ઉંડાણના આદિવાસીઓ પણ સ્વપ્નમાંયે ન આચરી શકે એવું આચરણ ગુરુકુળના વિદ્યાપારંગત યુવાનો કરે એવા દ્રષ્ટાંતો જો હોય તો એ વેદાંત સાહિત્યમાં આવી 'મૂર્ખ શિરોમણી' ઘટના શા માટે નોંધવામાં આવી હશે ? આ બાબત સંશોધનનો વિષય છે. આજના યુગમાં પરસોત્તમ રાઠોડ જેવા પ્રબુદ્ધ વિદ્વાન પણ જ્યારે આજના રેશનાલિસ્ટોના પ્રબળ તર્કના ઉત્તર આપવા સમર્થ નથી તેથી તેમણે પણ વેદાંતનું એ બેવકૂફ દ્રષ્ટાંત આપણી સમક્ષ રજુ કરી દીધું છે.

રાઠોડસાહેબ લખે છે કે,''આજે તો આપણો આખો દેશ-સંસદ, સેક્રેટરિયેટથી સડક નાકે પાનના ગલ્લા સુધી —આવા જ તજજ્ઞોથી (અર્થાત વેદાંતના તર્કશાસ્ત્રી યુવાન) ઉભરાઈ રહ્યો છે. અને જનજીવન અરાજકતાની આંધીમાં ઘેરાઈ ગયું છે.'' વગેરે. અલબત્ત, આ વાત અને ચિંતા સાવ સાચી છે અને આવી ચિંતા સેવવા બદલ લેખકશ્રીને અભિનંદન ઘટે છે. પરંતુ રાઠોડસાહેબ અહીં એ વાત કદાચ ભૂલી ગયા છે કે દેશને આજની અરાજકતાની આંધીમાં ધકેલનાર આજના તર્કશાસ્ત્રી રેશનાલિસ્ટો તો નથી જ. અને એમનું સ્થાન સંસદ, શાસન, પ્રશાસન, મીડિયા, ન્યાયતંત્ર તથા પાનના ગલ્લે વગેરે કોઈ સ્થળે ક્યાંય નથી. આ તમામ ક્ષેત્રોમાં આત્મા-પરમાત્મામાં માનનારા આસ્તિકો સિવાય કોઈ નથી. તેથી આજની અરાજકતાની આંધીનો દોષ રેશનાલિઝમને કે રેશનાલિસ્ટોને આપવામાં વાસ્તવિકતા સામે આંખ મિંચામણા સિવાય કશું જ નથી.

વેદાંતનું દ્રષ્ટાંત જેમ બેવકૂફ દ્રષ્ટાંત છે તેમ આત્મા-પરમાત્માના અસ્તિત્વને સ્વીકારવું એ આપણી બેવકૂફી સિવાય કશું જ નથી. પ્રસિદ્ધ રેશનાલિસ્ટ પેરિયાર ઈ.વી.રામાસ્વામીએ તો કહ્યું જ છે કે ઈશ્વરને માનવો તે બેવકૂફી છે.

આપણા સૌનો સ્વાનુભવ છે કે પ્રકૃતિ સ્વયંસંચાલિત છે. પ્રકૃતિને ચલાવનાર, પ્રકૃતિની ઉપર કોઈ ઈશ્વરીય અલૌકિક તત્વ હોય એવો આપણો કોઈ અનુભવ નથી. અર્થાત જગતમાં પ્રકૃતિ જ સર્વોપરિ છે અને પ્રકૃતિ પોતાના કાયદા-કાનૂન અનુસાર જ વર્તે છે. જેમાં તે જરાય બાંધછોડ કરતી નથી. અર્થાત પ્રકૃતિ પોતાના કાર્ય-કારણ નિયમને જ અનુસરે છે. જેમાં કહેવાતા ઈશ્વરનો કોઈ હસ્તક્ષેપ નથી. જગતમાં યા પ્રકૃતિમાં ઘટતી ઘટનાઓની પાછળ એક યા અનેક કારણો હોઈ શકે છે. એમાં એવું બને કે કોઈ ઘટના ઘટવા પાછળના કેટલાંક કારણો આપણે જાણતા હોઈએ અને કેટલાંક કારણો ન પણ જાણતા હોઈએ. ઉપરાંત એવું પણ બને કે કોઈ ઘટના પાછળનું એક પણ કારણ આપણે ન જાણતા હોઈએ. એ સંજોગોમાં ગુરુત્વાકર્ષણની વિવિધ અસરો, આપણી ત્રણેક વરસની ઉંમરની સ્મૃતિ, અને આપણા સ્વપ્નની ઘટનાઓ વગેરેના આપણે કારણો ન જાણતા હોઈએ તે બનવા જોગ છે. સંશોધક વિદ્વાનો દ્વારા એના કારણો, સંશોધનનો વિષય અવશ્ય બની શકે છે.પરંતુ આપણે માત્ર એ કારણો ન જાણતા હોઈએ તો તેનાથી ઈશ્વરનું અસ્તિત્વ સિદ્ધ થઈ જતું નથી. અર્થાત કોઈ પણ ઘટનાના કારણો વિષેનું આપણું અજ્ઞાન એ કોઈ ઈશ્વરના અસ્તિત્વની સાબિતી નથી.

લેખકે લખ્યું છે કે ''વિજ્ઞાન પોતાના તારણો સતત બદલતું રહે છે.'' આ વાત સાચી છે. મતલબ કે વિજ્ઞાનમાં કોઈ આખરી સત્ય નથી. રેશનાલિસ્ટો પણ આ વાત સ્વીકારે છે. લેખકે અન્યત્ર લખ્યું હતું કે, ''ધર્મમાં વિજ્ઞાન સિવાય કશું જ નથી'' પરંતુ જો વિજ્ઞાનમાં કોઈ આખરી સત્ય ન હોવાનું લેખક કબૂલે છે તો તેનો અર્થ તો ધર્મમાં પણ કોઈ આખરી સત્ય ન હોઈ શકે એવું પણ લેખક પરસોત્તમ રાઠોડે સ્વીકારવું જ પડે. લેખકના પોતાના મંતવ્ય પ્રમાણે જ ધર્મના આત્મા-પરમાત્મા, પૂર્વજન્મ-પુનર્જન્મ, સ્વર્ગ-નર્ક, પ્રારબ્ધ-પરલોક વગેરે તત્વો ન હોઈ તેમાં વિશેષ સંશોધન કરવું જોઈએ એવું ધર્મને વિજ્ઞાન તરીકે બિરદાવનારા રાઠોડસાહેબ જેવા વિદ્વાનોએ સ્વીકારવું જોઈએ. પરંતુ જોઈ શકાય છે કે ધાર્મિક પંડિતોએ હજારો વરસોમાં એમાં આગળના સંશોધનો કર્યા જ નથી. તેથી સ્પષ્ટ થાય છે કે ધર્મને વિજ્ઞાનમાં ખપાવનારા પંડિતો જૂઠા અને ઠગ છે. જ્યારે વિજ્ઞાનમાં તો અણુના પરમાણુ અને પરમાણુના પણ અંશો શોધાયા પછી હજી આગળના સંશોધનો ચાલી રહ્યા છે.

પ્રકૃતિની ઉપર પ્રકૃતિને ચલાવનાર જો કોઈ ન્યાયી, દયાળુ,સર્વજ્ઞ અને સર્વશક્તિમાન ઈશ્વર હોય તો જગતમાં સર્વત્ર અહર્નિશ ચાલી રહેલી હિંસા, ક્રૂરતા, શોષણ, અન્યાય ,અત્યાચાર અને બળાત્કાર હોઈ શકે જ નહીં. એટલું સાદું સત્ય નહીં સમજી શકનારાં વિદ્વાનો તર્કબુદ્ધિહીન છે.

### પુસ્તક લોકાર્પણ કાર્યક્રમ

નંદિની સુંદરના અંગ્રેજી પુસ્તક
''The Burning Forest : India'S War In Bastar''
પરથી તૈયાર કરેલ પરિચય પુસ્તક
**'વિકાસની વિકરાળતા અને આદિવાસીની કરૂણ દાસ્તાન'**
**રજૂઆત :** રજની દવે
નો લોકાર્પણ કાર્યક્રમ, ઉપસ્થિત રહેવા નિમંત્રણ.
**મુખ્ય વક્તા :** નંદિની સુંદર
**અન્ય વક્તાઓ :**
ઘનશ્યામ શાહ, પ્રકાશ ન.શાહ,
ઈન્દુકુમાર જાની, રોહિત શુક્લ, ચંદ્રુ મહેરિયા
**તારીખ :** ૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૮, શનિવાર
**સમય :** બપોરે- ૨ થી ૫
**સ્થળ :** અહિંસા શોધ ભવન, ગુજરાત વિદ્યાપીઠ, આશ્રમ રોડ, અમદાવાદ

# સચિવાલમાં કર્મશીલોના પ્રવેશ પરનો પ્રતિબંધ દૂર કરો

**આવેદન**

**સચિવાલય પ્રવેશ પ્રતિબંધ હઠાવ સમિતિ**
C/O . કિરીટભાઈ ભાઈલાલભાઈ રાઠોડ
રાજકરશનની ચાલી, ગાંધીનગર સોસાયટી સામે,
નિલકી ફાટક પાસે, મુ.પો.વિરમગામ, જિ. અમદાવાદ-૩૮૩૧૫૦
તા. ૦૭/૦૯/૨૦૧૮
પ્રતિ
શ્રી.ઓ.પી.કોહલીસાહેબ,
રાજ્યપાલશ્રી, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

**વિષય - સચિવાલય, ગાંધીનગરમાં પ્રવેશ પાસ કાઢવા ઉપર ગેરબંધારણીય રીતે પ્રતિબંધ કરેલ તમામ લોકોને પ્રવેશ પાસ નીકળે તે અંગે ગુજરાત સરકારને કાર્યવાહી કરવા આદેશ કરવા બાબત**

માનનીય,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, હું અરજદાર નામે કિરીટભાઈ ભાઈલાલભાઈ રાઠોડ, ઉપરના સરનામે મારા પરિવાર સાથે, રહું છું. આજરોજ આપ સાહેબને પ્રતિનિધિઓ રૂબરૂ મળી નીચે મુજબની હકીકત રજૂ કરીએ છીએ.

અમો હાજર પ્રતિનિધિઓ સામાજિક જાગ્રતિ અને માનવ અધિકારના રક્ષણ અને બંધારણના અધિકારો અંગે જાગૃતિનું કામ કરીએ છીએ. અમોએ કોઈ પણ દિવસ કાયદાથી વિપરીત પ્રવૃત્તિ કરી નથી. તેમજ હંમેશા સરકાર પાસે લોકશાહી અને બંધારણની મર્યાદામાં રહીને માનવ અધિકારોના ભંગના બનાવોમાં સરકારના સંબંધિત વિભાગોમાં રજૂઆત કરીને અહિંસક લડત ચલાવીએ છીએ.

માનવ અધિકારોના ભંગ અને વિકાસ યોજનાઓના લાભ માટે જુદા જુદા જુદા વિભાગો, મુખ્યમંત્રી અને મંત્રીઓ સમક્ષ સચિવાલય, ગાંધીનગર ખાતે જરૂરી કામ માટે અવારનવાર આવવાનું થાય છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી અમોને સચિવાલયમાં પ્રવેશ માટેના પ્રવેશ પાસ કાઢી આપતા નથી અને જણાવે છે કે તમને ગુજરાત સરકારે બ્લેક લિસ્ટ કરેલ હોઈ તમારા સચિવાલય પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જે વાત જાણીને અમને ખૂબ જ આઘાત લાગ્યો છે.

અમો અવારનવાર સચિવાલય, ગાંધીનગરમાં રજુઆત અર્થે પ્રવેશ પાસ કઢાવવા જઈએ ત્યારે અમને પાસ કાઢી આપવામાં આવતો નથી અને ઉલટાનું સચિવાલયના પોલીસ અધિકારીઓને સોંપી દઈને સેક્ટર-૭ પોલીસ સ્ટેશન લઇ જઈને અમારી ગેરકાયદેસર અટકાયત કરી, નજરબંધી કરીને અમોને પોલીસ સ્ટેશનમાં ગેરકાયદેસર ગોંધી રાખવામાં આવે છે. અમોને વારંવાર પોલીસ દ્વારા હેરાન કરવામાં આવે છે.

અમોએ સચિવાલયમાં પ્રવેશ પ્રતિબંધ હટાવવા માટે અધિક મુખ્ય સચિવ, ગૃહ વિભાગ, ગાંધીનગરને લેખિતમાં રજૂઆતો કરી હોવા છતાં અમોને સચિવાલયમાં પ્રવેશ મળતો નથી. અમોએ અમારી પ્રવેશ બંધી અંગે તા. ૦૧/૦૬/૨૦૧૮ ના રોજ મુખ્યમંત્રી કાર્યાલયમાં માહિતી મેળવવા RTI ની અરજી કરી હતી. જેના જવાબમાં (તા. ૧૪-૮-૧૮), ડી.વાય.એસ.પી (સચિવાલય, સલામતી શાખા) ગાંધીનગરે જણાવેલ છે કે સચિવાલયમાં કોઈ પણ વ્યક્તિના પ્રવેશ પર સરકારે કોઈ પ્રતિબંધ મુકેલ નથી અને પ્રતિબંધ અંગે કોઈ જ પરિપત્ર કે ઠરાવ કરવામાં આવ્યો નથી. તો કોના હુકમથી અને શા માટે અમારા પ્રવેશ પાસ કાઢી આપવામાં આવતા નથી ? આ રીતે સરકાર અમો અરજદાર દેશના નાગરિક હોવા છતાં બંધારણીય અધિકારમાં મળેલ વાણી અને અભિવ્યક્તિ, ગૌરવથી જીવન જીવવાનો અધિકાર, સમાનતાના અધિકારનો ખુલ્લેઆમ ભંગ કરી રહી છે.

અમો હાજર તમામ પ્રતિનિધિઓ સામાજિક કાર્યકરો હોઈ સમાજના સવાલોની રજૂઆત કરવા માટે અવારનવાર સચિવાલય.ગાંધીનગર આવવાનું થાય છે. જેથી અમોને સચિવાલયમાં પ્રવેશ મળે તે માટે આપ સાહેબને આદેશ કરવા વિનંતી કરું છું. અમારા જેવા અનેક અરજદારો, વ્યક્તિઓ, સામાજિક કાર્યકરો ઉપર પણ ગુજરાત સરકાર દ્વારા સચિવાલયમાં પ્રવેશ ઉપર પ્રતિબંધ કરીને ખૂબ જ મોટા પ્રમાણમાં માનવ અધિકારનો ભંગ કરેલ છે. આપ સાહેબશ્રી રાજ્યના બંધારણીય વડા હોઈ આપશ્રીને અમારા બંધારણીય અધિકારોના રક્ષણ કરવા માટે આ રજૂઆત કરીએ છીએ અને અમને સૌને બેરોકટોક સચિવાલયમાં પ્રવેશનો અમારો બંધારણીય અધિકાર મળે તે માટેના આદેશો કરવા વિનંતી કરીએ છે.

આ રજૂઆત પછી પણ બ્લેકલિસ્ટ કરેલ તમામ પ્રતિનિધિઓને બ્લેકલિસ્ટમાંથી હઠાવવામાં નહીં આવે તો આગામી ૧૫૦મી જન્મ જયંતીના અવસરે, ૦૨-૧૦-૨૦૧૮ ના રોજ, અમદાવાદ સાબરમતી આશ્રમ ખાતે, ગાંધીજીના ચરણોમાં અમારા નાગરિક અધિકારો પરત કરીને અહિંસક આંદોલન ચાલુ કરીશું.

**કિરીટ રાઠોડ, સુબોધ પરમાર, રોમેલ સુતરિયા, કિરણ બુદ્ધ, પી.કે. કલાપી, બળવંત ઠાકોર, કાંતિભાઈ પરમાર, નરેન્દ્ર સોલંકી, વિનુભાઈ ઝાંપડિયા, આશિષ ગુપ્તા, કનુભાઈ સુમેસરા, નિરજ ચૌહાણ, મનીષા સોલંકી, ચંદ્રિકા સોલંકી, ઉમેશ પરમાર, ગોપાલ ચૌહાણ, ભુપત સોલંકી, પ્રજ્ઞેશ ચાવડા, રજનીકાંત સોલંકી, ચંદુ મહેરિયા.**

## 'દલિત અધિકાર' ના શુભેચ્છકો
## જેમના તરફથી શુભેચ્છા યોગદાન મળેલ છે...

- **ભાનુપ્રસાદ પુરાણી**
(નિવૃત જિલ્લા શિક્ષણાધિકારી
અને જાણીતા સાહિત્યકાર, ગાંધીનગર ) રૂ.૫૦૦/-
- **કે.કે.ગોલવેલકર**
(નિવૃત સરકારી અધિકારી,
ઔષધ નિયામકની કચેરી,ગાંધીનગર ) રૂ.૫૦૦/-
- **અર્જુનસિંહ માનસિંહ ગિલાતર**
(શુભેચ્છક, સેકટર-૩, ગાંધીનગર) રૂ.૫૦૦/-
- **જીતુભાઈ સવજીભાઈ પરમાર**
(શેરીસાવાળા અને શુભેચ્છક, સેકટર-૩, ગાંધીનગર) રૂ.૫૦૦/-
- **રતિલાલ ગણેશભાઈ મહેરિયા**
(નિવૃત બેન્ક ઓફિસર
અને શુભેચ્છક, સેકટર-૩, ગાંધીનગર) રૂ.૫૦૦/-

# જગન્નાથના દ્વારે અપમાનિત રામનાથ

**વાસ્તવ**

**ભાનુપ્રસાદ પુરાણી**

કાં તો એ ઘટના પ્રત્યે બહુ ઓછા લોકોનું ધ્યાન ગયું છે કે કાં તો બહુ ઈરાદાપૂર્વકનું મૌન પળાયું છે. લોકોનો એક વર્ગ ગોસેવાના નામે કે ધર્મના નામે હિંસાની આંધી સર્જી દે છે અને બીજી બાજુ દેશના પ્રથમ નાગરિકના અપમાન મુદ્દે સાવ જ મૌન સેવાય છે.

હજુ હમણાં જ એક ઓર પંદરમી ઓગષ્ટ ગઈ. આઝાદી મળ્યાને સાત સાત દાયકા વીત્યા પણ સવાલ એ છે કે આઝાદી ખરેખર મળી છે કોને? દલિત-આદિવાસી-પછાતને આઝાદી મળી છે ખરી ? તે આ દેશના બરાબરના નાગરિક છે ખરા કે ? આજે પણ દેશના બહુસંખ્ય લોકો તો આઝાદી પૂર્વેની, ૧૯૪૭ પહેલાંની, સ્થિતિમાં જ જાણે કે જીવે છે. ગાંધીજીએ પોતાનો આગલો જન્મ અંત્યજમાં ય અંત્યજ એવા, સફાઈ કામદાર-વાલ્મીકિનો- માંગ્યો હતો. જેથી એની પીડા આત્મસાત કરી શકાય. એમના દુખડાંનો સાક્ષાત્કાર થાય. પણ એ સમાજ તો આજેય બદતર હાલતમાં છે.

જીવનના અંતિમ દિવસોમાં ગાંધીજી એમના પ્રિય એવા સફાઈ કામદારોની દિલ્હીની વસ્તીમાં રહેતા હતા. ગાંધીએ ત્યાં જાત ગાળી તે કેટલે અંશે સાર્થક ઠર્યું તે સવાલ છે. હા, ગાંધીના આદર્યા હજુ અધૂરાં જ છે. કોણ જાણે ક્યારે પૂરાં થશે. થશે કે નહીં ?

વાત છે સુદૂર દક્ષિણે આવેલ હિંદુ આસ્થાના પ્રતીક એવા પુરીના જગન્નાથ મંદિરની.વરસો પહેલાં એ મંદિરમાં દલિતોને પ્રવેશ નહોતો. એટલે ગાંધી પણ પુરીમાં હોવા છતાં જગન્નાથના દર્શને ગયા નહોતા. એટલું જ નહીં ત્યાં દર્શને જવા બદલ તેમણે પત્ની કસ્તુરબા અને પુત્રવત મહાદેવ દેસાઈની આકરી ટીકા કરી હતી. પૂર્વે ઈન્દિરા ગાંધીથી જગજીવન રામ સુધીના ટોચના રાજકારણીઓ ધર્મભેદ કે જાતિભેદનો ભોગ બનીને આ મંદિરે અપમાનિત થઈ ચૂક્યાં છે. આ વખતે વારો હતો દેશના દલિત રાષ્ટ્રપ્રમુખ રામનાથ કોવિંદનો.

ગઈ તારીખ આઠમી માર્ચ ૨૦૧૮ના રોજ જગન્નાથ મંદિરે એક વધુ કલંકિત ઘટના ઘટી. ભારતના રાષ્ટ્રપ્રમુખ રામનાથ કોવિંદ અને તેમના પત્ની સવિતા દેવી, ઓરિસ્સાના ટોચના વહીવટી અધિકારીઓ સાથે, જગન્નાથ મંદિરે દર્શનાર્થે ગયા હતા. ભક્તિભાવે રાષ્ટ્રપ્રમુખ પત્ની સાથે મંદિરના ગર્ભગૃહ ભણી જતાં હતાં કે બબાલ થઈ. મંદિરના કેટલા સેવકોએ તેમનો તે તરફનો રસ્તો રોકી લીધો. કોવિંદજીએ સેવકને હડસેલી આગળ જવા પ્રયત્ન કર્યો ત્યાં જ મંદિરના અન્ય સેવકોએ સાથે મળીને રાષ્ટ્રપ્રમુખ અને તેમનાં પત્નીને ધક્કે ચડાવ્યાં.

વાતાવરણ પારખીને રામનાથ કોવિંદજીએ સમજદારી સાથે ત્યાંથી પાછા વળી જવું મુનાસિબ માન્યું. દિલ્હી પરત આવ્યા બાદ તેમણે પુરીના કલેકટરને આ ઘટનાની જાણ કરી, પોતાનો વિરોધ નોંધાવ્યો. મંદિરના વહીવટદારોએ પણ શાણપણ બતાવી, તુરત જ રાષ્ટ્રપ્રમુખની માફી માંગી લીધી. જોકે રાષ્ટ્રપ્રમુખને તે મંજૂર નહોતું. એટલે આ મામલાની તપાસના અદેશો અપાયાં.જો દેશના સર્વોચ્ચ બંધારણીય પદ પર બેઠેલા વ્યક્તિની, એ જન્મે દલિત હોવાના એકમાત્ર કારણે, આ હાલત હોય તો અંતરિયાળ ગામડાંઓના દલિતોની તો કેવી હાલત હશે ? આ દેશની વિશાળ એવી દલિત આદિવાસી પછાત વર્ગની પ્રજા હિંદુ હોવા છતાં તેમની હિંદુઓ દ્વારા જ આ દશા ? જો હિંદુઓ આવો વ્યવહાર નહીં અટકાવે તો અસ્પૃશ્યતા અને જાતિભેદને કારણે આ પ્રજા હિંદુ ધર્મ ત્યાગી દેશે. મોટાભાગની આ ઉપેક્ષિત પ્રજાના ધર્મ પરિવર્તન પછી હિંદુ ધર્મ ટકશે ખરો ? જો હિંદુ ધર્મના કલંકરૂપ આભડછેટ અને જાતિપ્રથાનો નાશ નહીં થાય તો હિંદુ ધર્મનો નાશ થવો નક્કી હશે. આવનારા એંધાણોને હિંદુઓએ પારખી લેવાં પડશે. આવો, માનવતાવિહોણી અને આ ક્ષણે જ નાશ પામવા યોગ્ય એવી જાતિપ્રથાને સદંતર જાકારો આપીએ.

**'દલિત અધિકાર' ના શુભેચ્છકો**
**જેમના તરફથી શુભેચ્છા યોગદાન મળેલ છે...**

- વિનોદભાઈ. ડી.પરમાર (ડી.એફ.ઓ.(નિ) અને દલિત અગ્રણી, ગોધરા, જિ.પંચમહાલ) રૂ.૫૦૦૦/-
- પ્રા ડો..ખંડુભાઈ પરમાર (નિવૃત પ્રોફેસર ,લેખક અને દલિત અગ્રણી, ગોધરા, જિ.પંચમહાલ) રૂ.૧૫૦૦/-
- મગનભાઈ સોલંકી (નિવૃત નાયબ સચિવ,દલિત અગ્રણી અને રૈદાસવિદ,ગાંધીનગર) રૂ.૧૦૦૦/-
- પરસોત્તમભાઈ મકવાણા (નિવૃત અધ્યાપક અને દલિત અગ્રણી, મહેમદાવાદ, જિ.ખેડા ) રૂ.૧૦૦૦/-

**દલિત અધિકાર** પાક્ષિક
માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશકુમાર આર. મહેરિયા
૧૭૯૦, અબુકસાઈની ધાબાવાળી ચાલી, રાજપુર,
પોસ્ટ ઓફિસ સામે, અમદાવાદ-૩૮૦૦૨૧
ફોન : (મો.) ૯૮૨૪૬ ૮૦૪૧૦, ૯૯૨૫૭ ૧૯૫૬૫
મુદ્રણ સ્થાન : માંગલ્ય મુદ્રણાલય,
૧૦૭, પાર્વતી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ.